# માહિતી (મેળવવાના) અધિકાર
# અધિનિયમ-૨૦૦૫

## પ્રકરણ-૧૮

## અન્ય ઉપયોગી માહિતી

# પ્રકરણ - ૧૮ (નિયમસંગ્રહ-૧૭)
# અન્ય ઉપયોગી માહિતી

૧૮.૧ લોકો દ્વારા પૂછાતા પ્રશ્નો અને તેના જવાબો.

(અ) એગ્રો અને ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગ સ્થાપવા સંબંધી પ્રશ્નો - વિભાગ માર્કેટિંગ એન્ડ પોલીસી

સ-૧ એગ્રો અને ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગ એટલે શું ?

જવાબ : રાજ્ય સરકારે નવી સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નિતી-૨૦૧૬-૨૧ ની જાહેરાત કરી છે. આમાં એગ્રો અને ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગોની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે :

એગ્રો અને ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગ એટલે એવા એકમો કે જે અનાજ અને અનાજ સિવાયની કૃષિ વિષયક પેદાશો/વચગાળાની પેદાશો/ફાજલ પેદાશોનુ પ્રોસેસ કરી એમાંથી વેચાણયોગ્ય કે વપરાશયોગ્ય કે પછી ખાદ્ય પેદાશો તૈયાર કરી એનુ મુલ્ય વધારે છે કે પછી એના સંગ્રહ માટેની યોગ્યતા વધારીને કે પછી એને માટે ખેતરથી છેક બજાર સુધી કે અંશત: તબક્કા સુધી જોડાણ પૂરુ પાડી એનુ મુલ્ય વધારે છે.

એગ્રો અને ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગમાં હાઈટેક ખેતી તથા બાયોટેકનોલોજી ખેતીનો પણ સમાવેશ થાય છે. કૃષિ વિષયક પેદાશો એટલે ખેતીવાડી, બાગાયત પ્રવૃથિતિ, રેશમના કીડા ઉછેરની પ્રવૃત્તિ, ફુલોની ખેતી અને મત્સ્યોદ્યોગની પેદાશો તથા જંગલની ગૌણ પેદાશો તેમજ ડેરી અને ડેરી આધારિત પેદાશો સિવાયની પશુધન આધારિત પેદાશોનો સમાવેશ થાય છે. (કૃષિ ઉદ્યોગના લક્ષણો પરિશિષ્ટ-૧ માં આપવામાં આવ્યા છે)

એગ્રો અને ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગનુ ક્ષેત્ર સૌ પ્રથમવાર વિસ્તારવામાં આવ્યુ છે. અને એમાં ખેતરથી બજાર સુધીની અન્ન કે ખોરાકની શ્રૃંખલાના તમામ પાસા જેવા કે ગ્રેડીંગ, સોર્ટીંગ, પ્રી-કુલીંગ, પેકીંગ, રેફ્રીજરેટેડ હેરફેર, વખારોમાં સંગ્રહ, કોલ્ડ સ્ટોરેજ તથા કૃષિ વિષયક, બાગાયત અને ફુલોની ખેતીની પેદાશોના છુટક વેચાણના કેન્દ્રોનો સમાવેશ કરવામાં આવે છે.

સ-૨ કૃષિ પેદાશની પસંદગી અને વેલ્યુ એડિશનના પ્રમાણ કે મર્યાદા અંગે કઈ સંસ્થા સલાહ આપી શકે ?

જવાબ : ગુજરાત સરકારની નોડલ એજન્સી 'ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લીમી.' ગુજરાતના મહત્વના પાકો સબંધમાં પાકવાર વિગતવાર માહિતી પૂરી પાડી શકે છે. આ પાકવાર માહિતી કે પ્રોફાઈલમાં સબંધિત પાકના ઉત્પાદન, ભાવોનુ વલણ, બજારો, નિકાસ વગેરેના છેક છેલ્લા લભ્ય આંકડા ગુજરાતની સ્પર્ધાત્મક તાકાત તેમજ પાકની લણણી પછીના ક્ષેત્રે વિવિધ સગવડો ઉભી કરવા સબંધમાં તથા વેલ્યુ એડેડ બનાવટો તૈયાર કરવા માટે પ્રોસેસીંગ ક્ષેત્રે મુડી રોકાણની તકોની માહિતીનો સમાવેશ થાય છે.

એગ્રો અને ફુડ પ્રોસેસીંગ ક્ષેત્રમાં મુડીરોકાણ સબંધમાં ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ટેકનીકલ કન્સલટન્સી ઓર્ગેનાઈઝેશન (જિટકો) તથા ઈન્ડસ્ટ્રીયલ એક્ષટેન્શન બ્યુરો (ઈન્ડેક્ષ્ટ-બી) પસંદગીના પ્રોજેક્ટ અંગેના પ્રોફાઈલ્સ (રૂપરેખા) પૂરા પાડી શકે છે. વિગતવાર પ્રોજેક્ટ અહેવાલ તૈયાર કરવામાં નિષ્ણાતી જ્ઞાન ધરાવતાં પ્રોજેક્ટ સલાહકારો પણ મદદ પૂરી પાડી શકે છે આવા સલાહકારોની યાદી ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ પાસેથી મેળવી શકાય છે.

કૃષિ પેદાશોના પ્રોસેસીંગ માટે લભ્ય ટેકનોલીજી અંગેની માહિતી સંશોધન અને વિકાસ ક્ષેત્રે પ્રવૃત્ત સંસ્થાઓ જેવી કે ઈન્ડીયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રીચર્સ (આઈ.સી.એ.આર.) કાઉન્સિલ ફોર સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીચર્સ (સી.એસ.આઈ.આર.), સેન્ટ્રલ ફુડ ટેકનોલોજી રીચર્સ ઈન્સ્ટિટયુટ (સી.એફ.ટી.આર.આઈ.) અને ગુજરાત કૃષિ યુનિવર્સીટી પાસેથી મેળવી શકાય છે.

સ-૩ કૃષિ ઉદ્યોગ શરૂ કરવા માટે સ્થળની પસંદગીમાં કઈ બાબતો વિચાર માંગી લે છે ?

જવાબ : સૌથી મહત્વની બાબત કાચી સામગ્રીની ઉપલબ્ધિ છે. આદર્શ સ્થળ એ કહેવાય કે જેની આજુબાજુના ૬૦ કિ.મી.ની અંદર કાચી સામગ્રી મળી રેહ. મુખ્ય કાચી સામગ્રી નક્કી કરવા ઉપરાંત પ્લાન્ટને પૂરતા દિવસો માટે ચાલુ

રાખવા જરૂરી અન્ય પૂરક કાચી સામગ્રી પણ નક્કી કરવાની રહે છે. વધુમાં વીજળી અને પાણીની સગવડ તેમજ મુખ્ય માર્ગ, રેલ્વે સેવાનુ મુખ્ય કેન્દ્ર, બંદરો અને વિમાન મથક જેવી માળખાગત સુવિધાઓ તેમજ પ્લાન્ટમાં ઉત્પાદન થનારા પ્રોડક્ટસ માટે બજારોનુ પણ ધ્યાન રાખવુ જરૂરી છે.

સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નિતી-૨૦૧૬-૨૧ માં એગ્રો અને ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગ એકમોને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકાર ક્ષેત્રના વિસ્તારો સિવાય સમગ્ર રાજ્યમાં પ્રોત્સાહનો પ્રાપ્ય છે. આમ છતાં શીત શ્રૃંખલા (કોલ્ડ ચેઈન) ના પ્રોજેક્ટો તથા ઝડપથી નાશ પામે એવી પેદાશોના છુટક વેચાણના કેન્દ્રો ઉપર જણાવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્રમાંના વિસ્તારોમાં પણ પ્રોત્સાહનો મેળવવા હકદાર રહેશે.

સ-૪ સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નિતી-૨૦૧૬-૨૧ હેઠળ ઉદ્યોગ સાહસિકને કયા પ્રોત્સાહનો/સબસીડી પ્રાપ્ય છે ?

જવાબ : રાજ્ય સરકારે નવી કૃષિ ઉદ્યોગ નીતિ-૨૦૦૦ માં ઉદ્યોગ સાહસિકોને જે નાણાકીય પ્રોત્સાહનો મળવાપાત્ર છે. તે M&P બિડાણ-૧ પર સામેલ છે.

નવા એકમો તથા ટેકનોલોજી અપગ્રેડેશન, આધુનિકરણ, વિસ્તરણ અથવા વૈવિદ્યકરણ હાથ ધરનારા જુના એકમો પ્રોત્સાહનો મેળવવા હકદાર રહેશે. આ પ્રોત્સાહનો કેન્દ્ર સરકાર દ્વારા પૂરા પાડવામાં આવતાં પ્રોત્સાહનો ઉપરાંતના છે.

રાજ્ય સરકાર કૃષિ ઉદ્યોગો માટે તેમજ સેન્ટર ઓફ એક્સલન્સ સહિત કૃષિવિષયક માળખાગત સુવિધાના પ્રોજેક્ટો માટે જ્યાં જ્યાં શક્ય હશે ત્યાં ત્યાં કૃષિ ફાર્મ સહિત સરકારી જમીન, કન્સેશનના ધોરણે લાંબા સમયના ભાડા પટ્ટે મળી રહે તે માટે સહાય કરવામાં આવશે.

સ-૫ પ્રોત્સાહનો કેવી રીતે મેળવી શકાય ?

જવાબ : **એગ્રો બિઝનેશ રજિસ્ટ્રેશન નંબર**

સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નિતી-૨૦૧૬-૨૧ ની વિવિધ યોજનાઓ હેઠળ સહાય મેળવવા માટે ઉદ્યોગ સાહસિકે ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ પાસેથી એગ્રી બિઝનેશ રજિસ્ટ્રેશન નંબર મેળવવાનો રહે છે. આ નંબર વારંવાર વિગતો રજૂ કરવાની મુશ્કેલી દુર કરશે અને કામનુ ડુપ્લીકેશન નિવારશે. એ.બી.આર.એન. ઉદ્યોગ સાહસિક સાથે એકધારા વિચાર-વિમર્શમાં રહેવામાં પણ નિગમને સહાયરૂપ થશે.

વ્યાજ સબસાડી :

ઘટકવાર સહાયની વિગતો ઠરાવ અને ગાઈડ લાઈનમાં સામેલ કરેલ છે.

મધ્યમ/લાર્જ સ્કેલ ઉદ્યોગોની સબસીડી મંજૂર કરવાની સત્તા :

મુખ્યસચિવશ્રી, ગુજરાત સરકારના અધ્યક્ષપદ હેઠળની સમિતિની રહેશે.

સ-૬ કૃષિ ઉદ્યોગોએ ગુણવત્તા અંગેના કયા પ્રમાણપત્રો મેળવવા આવશ્યક છે. ?

જવાબ : ગુણવતા અંગેના પ્રમાણપત્રો:

(૧) એફ.પી.ઓ. : ફુડ પ્રોડક્ટ ઓર્ડર

(૨) આઈ.એસ.આઈ. માર્ક: (ઈન્ડીયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટિટયુટ)

(૩) એગ માર્ક

(૪) આઈ.એસ.ઓ.-૯૦૦૦/૧૪૦૦૦ (ઈન્ટરનેશનલ ઓર્ગેનિઝેશન ફોર સ્ટાન્ડર્ડાઈઝેશન)

(૫) એચ.એ.સી.સી.પી.-(હેસપ) ધી હેઝાર્ડ એનાલિસિસ ક્રિટિકલ કન્ટ્રોલ પોઈન્ટસ

(૬) ઓર્ગેનિક ફુડનુ પ્રમાણપત્ર

સ-૭ ગુજરાતમાં એગ્રો અને ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગ પ્રોજેક્ટ સ્થાપવા માટે અન્ય કઈ સરકારી મંજૂરીઓ મેળવવાનુ જરૂરી છે ?

જવાબ : રાષ્ટ્રીય સ્તરે ઉદારીકરણની પ્રક્રીયા હવે ક્રમશ: છેક તળીયાની સપાટી સુધી પ્રસરી રહી છે. આમ છતાં, સરકાર અથવા સરકારી સંસ્થાઓ પાસેથી હજી પણ કેટલીક પરવાનગી મેળવવાનુ જરૂરી છે. જે નીચે મુજબ છે.

| સરકારી પરવાનગી | પરવાનગી આપનાર સંબંધિત વિભાગ |
|---|---|
| કૃષિ ઉદ્યોગ પ્રોજેક્ટ શરૂ કરવા માટેની પરવાનગી | પ્રત્યેક જિલ્લામાં ઉદ્યોગ કમિશ્નરની કચેરી |
| કારખાનાની ડિઝાઈન લે-આઉટ માટેની મંજૂરી | ટાઉન પ્લાનીંગ વિભાગ-ગ્રામ પંચાયત |
| પ્રદુષણ નિયંત્રણ અંગે ના વાંધા પ્રમાણપત્ર | રાજ્ય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ |
| આઈ.એસ.આઈ. પ્રમાણપત્ર | બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ્સ |
| એગમાર્ક સર્ટિફિકેશન | ડિરેક્ટોરેટ ઓફ માર્કેટીંગ ઈન્સ્પેકશન, કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર |
| વેચાણવેરા નંબર-રાજ્ય સરકાર(જી.એસ.ટી.) | વેચાણવેરા વિભાગ, ગુજરાત સરકાર |
| વેચાણવેરા નંબર-કેન્દ્ર સરકાર(સી.એસ.ટી.) | વેચાણવેરા વિભાગ, ભારત સરકાર |
| વ્યવસાય વેરો (પ્રોફેશનલ ટેક્ષ) | વેચાણવેરા વિભાગ, ગુજરાત સરકાર |
| શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળ લાયસન્સ | મ્યુનિસિપલ કોર્પોરેશન |
| ભેળસેળ પ્રતિબંધક ધારો(પી.એફ.એ. એક્ટ) હેઠળ રજિસ્ટ્રેશન | ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલરની કચેરી |
| બોઈલર ઈન્સ્પેકશન એન્ડ વેરિફિકેશન ઓફ સ્મોક ન્યુસન્સ | સ્ટીમ બોઈલર એન્ડ સ્મોક ન્યુસન્સ ડિપાર્ટમેન્ટ |
| આવકવેરા નંબર | આવકવેરા વિભાગ |
| વિજળી જોડાણ અને લોડની (ક્ષમતા) મંજૂરી | ગુજરાત વિદ્યુત બોર્ડ |
| વિજળીક જોડાણોનુ ઈન્સ્પેકશન અને માન્યતા | ચીફ ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેકટર, કમિશ્નર ઓફ ઈલેક્ટ્રિસિટી ડ્યુટી |
| ભારે વાહનો/રીફરવાન મોબાઈલ પ્રિ-કુલીંગ યુનિટનુ ઈન્સ્પેકશન અને મંજૂરી | પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (આર.ટી.ઓ.) |
| આબકારી જકાત અંગે નંબર, કલેકશન અને ઈન્સ્પેકશન | કેન્દ્રીય આબકારી જકાત વિભાગ |
| પ્રોવિડન્ડ ફંડ હેઠળ નોંધણી | એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનિઝેશન |
| વજનકાંટો, તોલમાપ અને પેકેઝીંગનુ ઈન્સ્પેકશન | કન્ટ્રોલર ઓફ લીગલ મીટરોલોજી વિભાગ |
| ઓધૌગિક એકમમાં સ્પિરિટ અને આલ્કોહોલનો ઉપયોગ કરતી પ્રયોગશાળાનું ઈન્સ્પેકશન | પ્રોહિબિશન અને એક્સાઈઝ ડિપાર્ટમેન્ટ |

ઉપરની બધી જ પરવાનગીઓપ્રથમ દિવસથી જ મેળવી લેવાનુ જરૂરી નથી. પરંતુ એકમ કામ કરતું થાય એમ ઉપર જણાવેલી પરવાનગીઓમાંથી મોટા ભાગની પરવાનગી મેળવવાનુ જરૂરી બને છે.

(ક) એગ્રો સર્વિસ સેન્ટર અંગેના પ્રશ્નો : ખેત સેવા અને રસાયણ વિભાગ

1. એગ્રી બીઝનેસ સેન્ટર ખોલવા માટે અરજી પત્રક કયાંથી મળશે ?
   એગ્રી બીઝનેસ સેન્ટર સ્થાપવા માટેનું અરજીફોર્મ નિગમના જીલ્લા કક્ષાના એગ્રો સર્વિસ સેન્ટર તેમજ અત્રેની વડી કચેરી ખાતે રૂ.૫૦૦/- ભર્યેથી મળશે.

2. એગ્રી બીઝનેસ સેન્ટર ખોલવા માટેની લાયકાત શું છે ?
   ઉમેદવાર બીએસ.સી.(એગ્રી), બી.એસ.સી.(કેમિસ્ટ્રી), ડિપ્લોમાં(કૃષિ), બી.એસ.સી.(હોર્ટી), બી.એસ.સી.(ઝૂલોજી), બી.એસ.સી.(બાયોલોજી) પાસ હોવું તેમજ બેરોજગાર હોવો જરૂરી.

18.2 માહિતી મેળવવા અંગે.

- અરજીપત્રક (સંદર્ભ માટે ભરેલા અરજી પત્રક્ની નક્લ-બીડાણ નમુનો-ક)
  (માહિતી માંગવા માટેની અરજીનો નમૂનો-) **ADMN-૧૨** પર સામેલ છે.
- ફી
  જે તે સમયે માંગેલી માહિતીને આધારે નક્કી કરવામાં આવશે.
- માહિતી મેળવવા માટેની અરજી કઈ રીતે કરવી કેટલીક ટિપ્પણી.
  નમૂનાના અરજીપત્રક ઉપર મુજબ
- માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવે તેવા વખતે નાગરિકના અધિકાર અને અપીલ કરવાની કાર્યવાહી
  બીડાણમાં સામેલ નમૂનો-ચ (માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની ક્લમ-૧૨(૧) મુજબ એપેલેટ અધિકારીને અરજી કરવી. –ADMN-૧૩

૧૮.૩ નોંધણી પ્રક્રિયા અંગે

વિભાગ :- માર્કેટીંગ અને પ્રોજેક્ટ વિભાગ

નોંધણી પ્રક્રિયા નીચે મુજબ છે.

(અ) સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નિતી-૨૦૧૬-૨૧ અંતર્ગત એગ્રી બિઝનેશ રજિસ્ટ્રેશન માટે

**(અ) એગ્રી બીઝનેસ રજિસ્ટ્રેશન નંબર :**

**ઉદ્દેશ :**

સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નિતી-૨૦૧૬-૨૧ ની વિવિધ યોજનાઓ હેઠળ સહાય મેળવવા માટે ઉદ્યોગ સાહસિકે નિગમ પાસેથી એગ્રી બીઝનેસ રજિસ્ટ્રેશન મેળવવાનો રહે છે. ઉદ્યોગ સાહસિક પાસેથી તેના પ્રોજેક્ટ અંગે સામાન્ય માહિતી મેળવવા નિગમે એ.બી.આર.એન. પત્રક તૈયાર કર્યું છે. આ રજિસ્ટ્રેશન નંબર ઉદ્યોગ સાહસિક જ્યારે નાણાંકીય સહાય માટે અરજી કરે ત્યારે ઉપયોગ કરવામાં આવે છે અને વારંવાર વિગતો રજુ કરવાની મુશ્કેલીઓ દુર થાય છે અને કામનુ ડુપ્લીકેશન નિવારી શકાય છે. એ.બી.આર.એન. ઉદ્યોગ સાહસિક્ને એક ધારા વિચાર વિમર્શ રહેવામાં પણ મદદરૂપ થશે.

- પૂર્વ જરૂરિયાતો (જો હોય તો)
- અરજી કરવા માટે સંપર્ક માહિતી

  માર્કેટિંગ અને પ્રોજેક્ટ વિભાગ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી., ગુ.રા.ના.પુ.નિગમ બિલ્ડીંગ, ’બી” વિંગ, બીજે માળ, ચ-રોડ, સેકટર૧૦-એ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦, ટેલી ફેક્સ નંબર : ૦૭૯-૨૩૨૪૦૨૦૮, ઈમેઈલ : gaicltd@gujagro.org, વેબસાઈટ : www.gaic.gujarat.gov.in

- અરજી ફી (લાગુ પડતું હોય ત્યાં)

  પ્રોજેક્ટની કિંમત અથવા ઉદ્યોગનું ટર્નઓવર બે પૈકી જે વધુમાં હોય તે પ્રમાણે

| | |
|---|---|
| રૂ.૧૦૦ લાખ સુધી | રૂ.૧૦૦૦/- ફી |
| રૂ.૧૦૧ લાખ થી ૫૦૦ લાખ સુધી | રૂ.૨૦૦૦/- ફી |
| રૂ.૫૦૧ લાખ થી ૧૦૦૦ લાખ સુધી | રૂ.૫૦૦૦/- ફી |
| રૂ.૧૦૦૧ લાખ થી વધુ માટે | રૂ.૧૦૦૦૦/- ફી |

- અન્ય ફી (લાગુ પડતું હોય ત્યાં)
- અરજીનો નમૂનો (અરજી સાદા કાગળ પર કરવામાં આવી હોય તો અરજદારે પૂરી પાડવાની વિગતો દર્શાવો)
- બિડાણો / દસ્તાવેજોની યાદી

    પ્રોજેક્ટ રીપોર્ટની નક્લ અને પ્રોજેક્ટ કિંમત

    ફીનો ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ
- બિડાણો / દસ્તાવેજોનો નમૂનો

  નિયત ફોર્મ આ સાથે M&P બિડાણ-૭ પર સામેલ છે.
- અરજી મળ્યા પછી જાહેર તંત્રમાં થનાર પ્રક્રિયા

  અરજી મળ્યા બાદ ચકાસણી થયે ઉદ્યોગ સાહસિક્ને એ.બી.આર.એન. નંબર ઈ-મેઈલ/પોસ્ટ દ્વારા મોક્લી આપવામાં આવે છે.
- નોંધણીની કાયદેસરતાનો ગાળો (જો લાગુ પડતું હોય તો)
- નવીકરણની પ્રક્રિયા (જો હોય તો)
- પૂર્વ જરૂરિયાતો (જો હોય તો)